ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૨૭.૨ ડીગ્રી
લઘુતમ : ૧૧.૪ ડીગ્રી
ભેજ
સવારે ૮૩ ટકા ● સાંજે ૫૭ ટકા

# આજથી શહેરના પતંગ બજારમાં ઘરાકી ખુલશે

**શનિવાર, રવિવાર અને સોમવારની ત્રણ રજા સંળગ થતા પતંગ દોરીમાં ભરપૂર ઘરાકીની આશા, વેપારીઓએ પતંગ દોરીનો ભરચક કરેલો સ્ટોક, પતંગ રસિયાઓમાં પણ અનેરો ઉત્સાહ**






ગાંધીનગર, તા.૧૦

પર્વને આડે હવે ફક્ત ત્રણ દિવસ બાકી રહ્યા છે છતાં પણ બજારોમાં ઘરાકી ન નીકળતા વેપારીઓમાં નિરાશા છવાઈ છે. જોકે વેપારીઓએ ઉત્તરાયણ પર્વમાં શનિ, રવિ અને સોમ ત્રણ દિવસ ને ધ્યાને રાખી પતંગ દોરીનો ભરચક સ્ટોક કરી રાખ્યો છે. જેથી એકાદ-બે દિવસમાં જ ગ્રાહકોનું ઘોડાપુર ઉમટવાની આશા વેપારી વર્ગ રાખી રહ્યો છે. પતંગ રસિયાઓ પણ રજાઓનો ભરપૂર આનંદ મેળવવા ઉત્સાહિત બન્યા છે. આ પર્વની ઉજવણીમાં ગૃહિણીઓએ પણ શીંગચીકી, તલચીકી, શેરડી, બોર તેમજ તે દિવસે ભોજનમાં જલેબી અને ઉંધીયાની પૂર્વ તૈયારીઓ આરંભી દીધી છે.

ચાલુ વર્ષે ઉત્તારાયણ સોમવારના રોજ આવે છે તે પહેલા શનિ અને રવિની સરકારી કચેરીઓમાં રજા છે. તદ્દુપરાંત વાસી ઉતરાયણની પણ લોકો રજા રાખતા હોય છે જેથી ઉતરાયણની ચાર દિવસની ભરપૂર મજા લેવાનું મન અગાઉથી જ બનાવી લીધું હોય તેવું ચર્ચાઓ ઉપરથી લાગી રહ્યું છે છતાં પણ હજુ સુધી બજારમાં પતંગ દોરીની ઘરાકી ન નીકળતા વેપારીઓમાં ચિંતાનું મોજુ ફરી વળ્યું છે. જેમાં વેપારીઓએ પણ રજાઓનું ગણિત માંડીને ભરચક માલ સ્ટોક કરેલો હોઈ ભરપૂર ઘરાકી નીકળવાની આશા રાખી છે . જો કે હવે તહેવારોના એકાદ બે દિવસ પહેલાં જ ખરીદી થતી હોવાનું અન્ય તહેવારો ઉપરથી વેપારીઓએ માની લીધું છે. પતંગ રસિયાઓએ પણ ઉતરાયણની પૂર્વ તૈયારીઓના ભાગરૂપે મકાનોના છત અને ધાબાઓને ચોખ્ખા કરવાનો આરંભ કરી દીધો કરી દીધો છે તેમજ દોરી તેમજ અન્ય પરિબળોથી શરીરનું રક્ષણ થઈ શકે તે માટેની વ્યવસ્થા હાથ ધરી દીધી છે.

ગૃહિણીઓએ પણ આ પર્વમાં ભરચક આનંદ મેળવી શકાય તે હેતુથી ખાણીપીણીનું આયોજન શરૂ કરી દઈ બજારમાં ખરીદી માટે જઈ રહી છે. જેમાં ઉત્તરાયણમાં અતિ લોકપ્રિય એવી તલચીકી, શીંગચીકી, મમરાના લાડુ, બોર, શેરડીની ધૂમ ખરીદી થઈ રહી છે. પર્વમાં રજાનો માહોલ હોઈ પતંગ રસિયાઓમાં પતંગ દોરીની ખરીદીનો સળવળાટ થઈ રહ્યો છે. વિવિધ જાતના પતંગો તેમજ સુરતી દોરીનું આયોજન થઈ રહ્યું છે. વેપારી વર્ગે પણ દુકાન બહાર હવે બેથી ત્રણ કાઉન્ટર લગાવવા પડે તેવી સ્થિતિ ઉભી થવાની શક્યતાઓ જોતા મંડપ ડેકોરેશન વાળાને મંડપ સહિત કાઉન્ટરના પણ ઓર્ડર આપી દીધા છે. પર્વમાં દાનપુણ્યના મહત્વને જોતા ધર્મપ્રેમી લોકોએ પણ ગાયો માટેના ઘાસ તેમજ નાના ભૂલકાઓને પતંગ દોરી સહિત બિસ્કીટ ચોકલેટનું વિતરણ થાય તેવી વ્યવસ્થા અત્યારથી જ ધરી છે. આમ ઉતરાયણ પર્વ ચાલુ વર્ષે પર્વ અગાઉની બે રજા અને વાસી ઉત્તરાયણની રજા એમ ચાર રજાના માહોલમાં ઉજવણી થવાની હોવાથી બરાબરનો રંગ જામવાની શક્યતા લાગી રહી છે જે આકાશમાં પંતગી દાવપેચમાં જોવા મળશે.

## સે-૩ હરસિધ્ધી પીઠ ખાતે કાલભૈરવ યાગ અને દક્ષિણ કાલીયાગ યોજાશે



ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર શહેરના સેકટર-૩ ડી ખાતે આવેલ હરસિદ્ધી પીઠ ચેરીટેબલ ટ્રસ્ટ ગાંધીનગર આયોજીત ચતુર્થ પાટોત્સવ ઉજવણી પ્રસંગે તા. ૧૨ અને ૧૩ જાન્યુઆરીના રોજ પંચકુડાત્મક ‘‘કાલભૈરવ યાગ’’સમન્વીત ‘‘દક્ષિણ કાલીયાગ’’નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જયારે બે દિવસીય ધાર્મિક કાર્યક્રમમાં ૧૦૦૮ દિવાની નૃત્ય આરતી અને ૧૦૮ દિવડાની આરતી ઉતારવામાં આવશે.

ગાંધીનગર શહેરના સેકટર-૩ ડી ખાતે વિશ્વાસભાઈ જાની દ્વારા સ્થાપિત હરસિધ્ધી સિદ્ધી પીઠ ગાંધીનગર ચેરીટેબલ ટ્રસ્ટનો ચોથા પાટોત્સવની ઉજવણી પ્રસંગે તા.૧૨ જાન્યુઆરીને શનિવારના રોજ સવારે ૮ કલાકે મંદિર ખાતે માતાજીની આરતી, ૮.૩૦ કલાકે માતાજીની યજ્ઞ શાળામાં પધરામણી, ૯ કલાકે યજ્ઞ પ્રારંભ, ૯.૪૫ કલાકે, ૧૨.૩૯ કલાકે કાલ ભૈરવ તથા દક્ષિણકાલી યજ્ઞ સ્થાપન ભટ્ટ મંડળ સહિત, બપોરે ૨.૩૦ કલાકે અગ્નિ સ્થાપન સાથે નવગ્રહ સ્થાપન, ૪ કલાકે ગ્રહ હોમ તથા મુખ્ય કાલ ભૈરવ સહિત દક્ષિણકાલી હોમ પ્રારંભ તેમજ સાંજે ૫.૩૦ કલાકે ૫૧ દિવાની આરતી યોજાશે. તા.૧૩ ના રોજ સવારે ૭ કલાકે માતાજીનો પાટોત્સવ આરતી, યજ્ઞમંડપમાં પ્રાંત પૂજન, ૮.૩૦થી ૪ કલાક સુધી કાલભૈરવ તથા દક્ષિણકાલી યજ્ઞના મંત્રોનો મહાહોમ, ત્યારબાદ સાધુ-સંત, મહેમાન સહિત દાતાઓનું સન્માન, ચારવેદોના મંત્રોથી વૈદિક પૂર્ણાહુતિ, સાંજે ૬.૩૦ કલાકે મહાઆરતી યોજાશે. આ પ્રસંગે પૂજ્ય બાલવિદુષી સાધ્વી ગીતાદીદી (બાલવા આશ્રમ), ૧૦૦૮ મહામંડલેશ્વર આત્માનંદપુરીજી મહારાજ (સારંગપુર હનુમાનજી મંદિર), વિવેક સાગર દાસજી સ્વામી, હરીપ્રકાશ દાસજી સ્વામી સહિત સમારંભના મુખ્ય અધ્યક્ષ અશ્વિનભાઈ જાની (મહંત શ્રી હરિસિધ્ધી સિધ્ધી પીઠ લાડોલ) ઉપસ્થિત રહેશે. દક્ષિણયાગ ખાસ કરીને કલકત્તામાં થતો હોય છે, પરંતુ ગાંધીનગર શહેરમાં સૌ પ્રથમવાર આ મહાયાગ થશે. આ ચોથા પાટોત્સવ નિમિતે યજ્ઞ પછી દૃષ્ટિ દિવ્યાંગ બાળકોને ભોજન કરાવવામાં આવશે. જયારે ૬૦દથી વધુ ભુદેવ ૨ દિવસ સુધી કાલ ભૈરવજી તથા દક્ષિણકાલીકાના હોમ કરશે. જેમાં અંદાજીત ૧૦૦ કિલોથી પણ વધારે યજ્ઞ માટે તલ, જવ, ડાંગર, તથા અન્ય ઔષધિયો દ્વારા હોમ થશે. શકિત સેવક મંડળ દ્વારા ભજન તથા આનંદનો ગરબો યોજાશે. જયારે યજ્ઞ કર્મના આચાર્ય તરીકે સોલા અમદાવાદના શાસ્ત્રી અરૂણભાઈ કનૈયાલાલ દવે, વિસનગરના શાસ્ત્રી પંકજભાઈ જોશી, લાડોલના શાસ્ત્રી કુમારકાન્તભાઈ મહેતા ઉપસ્થિત રહેશે. જયારે યજ્ઞના દર્શન માટે સૌ ભકતોને પધારવા આચાર્ય વિશ્વાસભાઈ જાનીએ અનુરોધ કર્યો છે.

## પાટનગરમાં માર્ગ અકસ્માતોનું પ્રમાણ વધ્યું

**મહાનગરી સમકક્ષ ટ્રાફિકની સ્થિતિનુ નિર્માણ થઈ ગયું હોવાની સાથોસાથ શહેરમાં માર્ગ અકસ્માતની ઘટનાઓમાં પણ નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે : મુખ્ય માર્ગો પર વધુ બે જીવલેણ અકસ્માતો સર્જાયા : કોઈ જાનહાની નહી**

ગાંધીનગર, તા.૧૦

પાટનગર ગાંધીનગરમાં છેલ્લા ઘણા સમયથી જોઈ શકાય તેમ છે કે મહાનગરી સમક્ષ ટ્રાફિકની સ્થિતિનું નિર્માણ થઈ ગયું છે. ઓફિસ અવર્સ દરમિયાન તો શહેરના બે મુખ્ય માર્ગો પર ટ્રાફિકની સ્થિતિ શિરદર્દ સમાન થઈ ગઈ છે. શહેરમાં ટ્રાફિકનું ભારણ તો વધ્યુ જ છે પરંતુ તેની સાથોસાથ પહોળા માર્ગો પર બેફામ ગતિએ જતા વાહનો વચ્ચે અકસ્માતોનું પ્રમાણ પણ તેટલું જ વધી ગયું છે. હિટ એન્ડ રનની ઘટનાઓ મહિને બે-ચાર વાર તો જોવા મળે જ છે. તેની સામે સામાન્ય માર્ગ અકસ્માતો તો દરરોજ ચાર-પાંચ જોવા મળે છે. આજે સવારે બે જીવલેણ અકસ્માતો ગાંધીનગર શહેરના મુખ્ય માર્ગો પર સર્જાયા હતા. જોકે સદનસીબે આ બંને ઘટનાઓમાં કોઈ જાનહાની થવા પામી ન હતી.

ગાંધીનગર શહેરના મુખ્ય માર્ગ ગણાતા ચ-માર્ગ ઉપર આજે વહેલી સવારે એક ટ્રક અને કાર વચ્ચે વિચિત્ર અકસ્માત સર્જાયો હતો. સેકટર-૧૧ અખબાર ભવનની સામેના ચ- માર્ગ ઉપર વળાંક પાસે સર્જાયેલા આ અકસ્માતને જોતા નક્કી થઈ શકે તેમ જ નથી કે કેવી રીતે આ અકસ્માત સર્જાયો હશે..! ફોર્ચ્યુનર કાર અને અમૂલ દૂધની આઈસર ટ્રક વચ્ચે સર્જાયેલા આ અકસ્માતમાં ફોર્ચ્યુનર કાર ઊંધા માથે થઈ ગઈ હતી. કારમાં સવાર વ્યક્તિઓ ઘાયલ થતાં તેમને તાત્કાલિક હોસ્પિટલ સારવાર અર્થે લઈ જવાયા હતા. જોકે સદનસીબે તેમને ગંભીર ઈજાઓ થવા પામી ન હતી. મોડી સાંજ સુધી આ મામલે પોલીસ ફરિયાદ પણ નોંધાવા પામી ન હતી. તો બીજી તરફ ગ-૪ સર્કલ પાસે સેકટર-૧૫ની સરકારી કોલેજ જવાના રસ્તા તરફ પણ એક અકસ્માત સર્જાયો હતો. શાકભાજી ભરીને આવતી એક ટ્રક ગ-૪ સર્કલ પાસે સેન્ટ્રલ વિસ્ટાના લેન પર ચઢી ગઈ હતી. બીજા ટ્રકની મદદ લઈ આ ફસાઈ ગયેલા ટ્રકને બહાર કાઢવામાં આવ્યો હતો. સદભાગ્યે આ અકસ્માતમાં પણ કોઈને ગંભીર ઈજાઓ કે જાનહાની થવા પામી ન હતી.

# ગોરે ગોરે મુખડે પે કાલા કાલા ચશ્મા...!!!

**ઉત્તરાયણમાં ‘સ્ટાઈલીશ’ ચશ્માની ખરીદી સાથે સજ્જ થઈ રહેલા પતંગબાજો : ચશ્મા-ગોગલ્સના શો રૂમ પર ઘરાકી વધી**



ગાંધીનગર, તા.૧૦

શહેરમાં ઉત્તરાયણનો માહોલ જામી ચુકયો છે અને પતંગરસિયાઓએ આ વખતે સળંગ ચાર દિવસ ઉત્તરાયણની મોજ માણવા વિશેષ તૈયારીઓ કરવા માંડી છે. આખો દિવસ પતંગ ઉડાડવાની મજા માણવા માટે સૌથી મહત્વની જરૂર પડે છે ગોગલ્સની અને પતંગ રસિયાઓ પતંગબાજી કરતી વખતે માત્ર સૂર્યના તાપથી બચવા નહી પરંતુ સાથે ‘સ્ટાઈલીશ’ દેખાવા માટે ગોગલ્સની પસંદગીમાં વિશેષ કાળજી લઈ રહ્યા છે જેને પગલે શહેરમાં ચશ્મા-ગોગલ્સ બજારમાં તેજી જોવા મળી રહી છે.

ઉત્તરાયણ ચશ્મા-ગોગલ્સ તથા સનગ્લાસના વેપારીઓ માટે ‘સીઝન’ ગણાય છે અને આ સીઝનમાં વધુમાં વધુ ઘરાકી અંકે કરી વેપાર કરી લેવા શહેરના ચશ્મા-ગોગલ્સના શૉ રૂમ ધારકોએ પોતાની દુકાન આગળ શમિયાણા બાંધી ‘સેલ’નું આયોજન ચાલુ કર્યુ છે. આ સેલમાં ફિકસ ભાવે તથા ડિસ્કાઉન્ટ ભાવે ગોગલ્સ ઓફર કરી પતંગ રસિયાઓને આકર્ષવા કમર કસી રહ્યા છે. આ વર્ષે ગાંધીનગરના યુવા પતંગ રસિયાઓમાં વેફરર્સ, સ્પોર્ટસ, રાઉન્ડ શેપ, એવિએટર, મરકયુરી જેવી વેરાયટી સાથે ‘વનપીસ’ નામની આઈટમ વધુ પ્રચલિત બની છે. આ સાથે ડાયોર અને ‘રઈસ’ સ્ટાઈલનો પણ ઉપાડ જોવા મળી રહ્યો છે અને ક્રોકોડાઈલ સ્ટાઈલે હજુ પણ પ્રભુત્વ જાળવી રાખ્યું છે.


ગાંધીનગરની મધ્યમાં સેકટર-૧૬ ખાતે ચશ્મા-ગોગલ્સનો શૉ રૂમ ધરાવતા ‘આઈ વર્લ્ડ’ના સંચાલક હિતેશભાઈ ઝાલાએ જણાવ્યું છે કે ‘ઉત્તરાયણમાં પતંગ રસિયાઓ માત્ર સૂર્યપ્રકાશથી બચવા માટે ગોગલ્સ નથી ખરીદતા પરંતુ પતંગ ચડાવતી વખતે ‘સ્ટાઈલીશ’ દેખાવા માટે ખરીદે છે અને તેથી તેઓ હંમેશા લેટેસ્ટ ડિઝાઈન ખરીદવાનો આગ્રહ રાખે છે.’ હાલ પતંગ રસિયાઓ ઉત્તરાયણ માટે રૂ. ૫૦૦થી માંડીને રૂ. ૨ હજાર સુધીના ગોગલ્સની ખરીદી કરી રહ્યા છે.

### છોકરાઓમાં બાદશાહની ‘વનપીસ’ અને છોકરીઓમાં ‘મરકયુરી’ ઈન ડીમાન્ડ!!

ગોગલ્સની લેટેસ્ટ સ્ટાઈલમાં હંમેશા બૉલીવુડ છવાયેલું રહ્યું છે. ગત વર્ષે જયાં હનીસીંઘ સ્ટાઈલ ફેમસ હતી ત્યાં અત્યારે રેપ સીંગર ‘બાદશાહ’ની વન-પીસ સ્ટાઈલ યુવાનોમાં ખૂબ લોકપ્રિય છે. આ ઉપરાંત રણવીરસીંઘની ‘મરકયુરી’ સ્ટાઈલ તથા શાહરૂખની ‘રઈસ’ સ્ટાઈલની પણ ડિમાન્ડ જોવા મળી રહી છે. છોકરીઓમાં ‘મરકયુરી’ ગોગલ્સ ખૂબ લોકપ્રિય છે જે ‘સેલ્ફી’ લેવા માટે હોટ ફેવરીટ ગણાય છે.

### કઈ કઈ વેરાયટી ચલણમાં?

- વેફરર્સ
- સ્પોટર્સ
- રાઉન્ડ શેપ
- એવિએટર
- મરકયુરી
- વન પીસ
- ક્રોકોડાઈલ
- ડાયોર
- રઈસ
- કિડસ



## ઝાલાવાડી સઈ-સુથાર જ્ઞાતિનો શનિવારે સ્નેહ મિલન સમારંભ

ગાંધીનગર, તા.૧૦

શ્રી ઝાલાવાડી સઈ-સુથાર જ્ઞાતિ હિતવર્ધક મંડળ ગાંધીનગર દ્વારા તા. ૧૨મી જાન્યુઆરીના સવારે દસ કલાકે સ્નેહમિલન સમારંભ બાબાસાહેબ આંબેડકર હોલ ગાંધીનગરમાં યોજવામાં આવેલ છે. જેમાં તેજસ્વી તારલાઓને ઈનામ વિતરણ, ૭૫ વર્ષ પુરા કરનાર વડીલોનું સન્માન, આમંત્રિત મહેમાનો તથા નવા સભ્યોનો પરિચય કરાવવામાં આવશે તેમ પ્રમુખ અમરીશભાઈ પરમાર, ટ્રસ્ટ પ્રમુખ પ્રફુલ્લભાઈ ચૌહાણ, ધનસુખભાઈ હલારી અને ગુણવંતભાઈ ગોહેલે જણાવેલ છે.

## રવિવારે રૂદ્રાભિષેક મંડળની સામાન્ય બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૧૦

રૂદ્રાભિષેક મંડળ દ્વારા આવનાર સુવર્ણ જયંતિની ઉજવણીને અનુલક્ષી વિવિધ કાર્યક્રમોની રૂપરેખા અને આયોજન જેવી બાબતો વિશે ચર્ચા કરવા તા. ૧૩ જાન્યુઆરીના રોજ સાંજે ૪ વાગે શ્રી પંચદેવ મંદિર, સે-૨૨ ખાતે સામાન્ય બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે તો સંસ્થાના દરેક સભ્યોને આ પ્રસંગે હાજર રહેવા સંસ્થાના મહામંત્રી બી.ડી. શર્માએ જણાવ્યું છે.

## ગાંધીનગરની ત્રણ સેવા સંસ્થા દ્વારા કપરાડા તાલુકાની આશ્રમ શાળાઓના બાળકોને સ્વેટર વિતરણ કરાયું

ગાંધીનગર, તા.૧૦

શિયાળાની કડકડતી ઠંડીમાં અંતરિયાળ વિસ્તારના બાળકોને હૂંફ પુરી પાડવાનું કાર્ય તાજેતરમાં થયું. ગાંધીનગરની ત્રણ સેવા સંસ્થાઓ-ઓમકાર ટ્રસ્ટ, આત્મન ફાઉન્ડેશન અને મનોરમા ટ્રસ્ટ દ્વારા વલસાડ જિલ્લાના કપરાડા તાલુકા (ધરમપુર)ની ચાર આશ્રમ શાળાઓમાં ભણતા કુલ ૫૨૦ વિદ્યાર્થીઓને નવા સ્વેટરનું વિતરણ કરવામાં આવ્યું હતું. કપરાડા વિસ્તારની વેરી ભવાડા, ચાવ શાળા, આસલોણા અને શાહુડા નિવાસી શાળાઓના દીકરા-દીકરીઓએ નવા સ્વટેર મેળવી ખુશી વ્યકત કરી હતી. આ પૈકીનાં ઘણાં બાળકો પાસે ઠંડી સામે રક્ષણ કરતાં સ્વેટર હતાં જ નહીં. સ્વટેરની સાથે નાસ્તો અને દીકરીઓને રિબિન-પીનો વગેરે પણ આપવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓએ સરસ મજાનાં પ્રાર્થના ગીત, નૃત્ય રજૂ કર્યા હતા. તેઓને સરસ અભ્યાસ કરવા પ્રેરિત કરવામાં આવ્યા હતા. ગાંધીનગરની ત્રણ સેવા સંસ્થાના સર્વ એચ.બી. વરિયા, દિવ્યાબેન વરિયા, અશોકભાઈ ત્રિવેદી અને પ્રજ્ઞાબહેન પટેલ આ સેવાયજ્ઞમાં જોડાયા હતા. શાળાઓના આચાર્ય સર્વ ડીકેશભાઈ પટેલ (વેરી ભવાડા), ભરતભાઈ પટેલ (ચાવ શાળા), અરવિંદભાઈ પટેલ (આસલોણા) અને નવનીતભાઈ પ્રજાપતિ (શાહુડા) તથા શિક્ષકો આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.




### ચિરવિદાય

- સ્વ. ગોલ તખુબેન જશુજી, ઉ.વ. ૬૯